# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાન અને ગુજરાતમાં અનેક વિકાસકાર્યોની ભેટ આપશે.

2) ગૃહમંત્રી અમિત શાહ તથા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીએ અલ નિનોની દેશમાં પડનારી અસરની સમીક્ષા કરી.

3) અમરનાથ યાત્રાના પહેલા દિવસે 12 હજાર 168 યાત્રાળુઓએ પવિત્ર ગુફા મંદિરમાં દર્શન કર્યા.

4) હવામાન વિભાગે ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ મધ્યપ્રદેશ અને ઓડિશામાં આજે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી.

5) ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આજે માન્ચેસ્ટરમાં બીજી T20 ક્રિકેટ મેચ રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV PM-RAJ-GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાન અને ગુજરાતના એક દિવસના પ્રવાસે છે. પ્રધાનમંત્રી સૌપ્રથમ રાજસ્થાનમાં આજે સવારે જોધપુર હવાઈમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. 480 કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટને વાર્ષિક 20 લાખ મુસાફરોની અવરજવર માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. તેઓ જોધપુરમાં સંશોધિત ઉડાન યોજનાનો પણ પ્રારંભ કરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય ઉડ્ડયન-સંચાલિત વિકાસના આગામી તબક્કાને વેગ આપવાનો છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ......

## VC – જિતેન્દ્ર

સાંજે પ્રધાનમંત્રી મોદી ગુજરાતમાં અમદાવાદના સાણંદ ખાતે CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ (OSAT) સુવિધાનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ પૈકીનો એક છે અને તેને કુલ 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ....

## VC – અપર્ણા ખૂંટ

# SHAH-EL NINO MEETING

ગૃહમંત્રી અમિત શાહ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે અલ નિનોને કારણે દેશના કેટલાક ભાગોમાં સામાન્યથી ઓછા વરસાદની સ્થિતિ અને તેની અસર અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

ગઈકાલે યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ સચિવ સહિત વિવિધ મંત્રાલયો અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સરકાર અલ નિનોને કારણે દેશના કેટલાક ભાગોમાં સામાન્યથી ઓછા વરસાદ અને સંભવિત દુષ્કાળની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. તેમણે કૃષિ મંત્રાલય અને તમામ સંબંધિત મંત્રાલયોને સતર્ક રહેવા અને રાજ્ય સરકારો સાથે સંકલન કરીને ખેડૂતોને યોગ્ય પાક વાવણી માટે સલાહ આપવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી શાહે જળ સંસાધન વિભાગના અધિકારીઓને દેશના તમામ જળસંગ્રહોનું નિરીક્ષણ કરવા અને વીજળી મંત્રાલયના સચિવને સરળ અને પર્યાપ્ત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

શ્રી શાહે વિનંતી કરી હતી કે ગૃહ મંત્રાલયની એક આંતર-મંત્રીમંડળની કેન્દ્રીય ટીમ આસામ અને અરુણાચલ પ્રદેશમાં મોકલવામાં આવે જેથી તાજેતરના ભારે વરસાદ, અચાનક પૂર અને ભૂસ્ખલનથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી શકાય. આસામના અનેક જિલ્લાઓમાં પૂરના પાણી વધી રહ્યા છે અને અરુણાચલ પ્રદેશના અનેક પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને રસ્તાઓ અવરોધિત થવાની સમસ્યા છે.

# SITHARAMAN-FRANCE

નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ફ્રાન્સના નાણામંત્રી રોલેન્ડ લેસ્કયોરે ફ્રાન્સમાં ભારત-ફ્રાન્સ આર્થિક અને નાણાકીય સંવાદની સહ-અધ્યક્ષતા કરી હતી. ગઈકાલે યોજાયેલા આ સંવાદમાં બંને મંત્રીઓએ ભારતમાં આર્થિક વિકાસ માટે ફ્રેન્ચ વિકાસ એજન્સીના કાર્યના મહત્વને સ્વીકાર્યું અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટેની સંભાવનાનું સ્વાગત કર્યું.

બંને મંત્રીઓએ ભારત અને ફ્રાન્સ વચ્ચે આર્થિક, નાણાકીય, ટેકનોલોજીકલ, રોકાણ અને વેપાર-સંબંધિત બાબતો પર ચર્ચા માટે પ્રાથમિક પ્લેટફોર્મ તરીકે આર્થિક અને નાણાકીય સંવાદનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો.

# J&K-HOLY CAVE

જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રાના પહેલા દિવસે 12 હજાર 168 યાત્રાળુઓએ પવિત્ર ગુફા મંદિરમાં દર્શન કર્યા હતા. છૂટાછવાયા વરસાદ વચ્ચે યાત્રા વહેલી સવારે પહેલગામ અને બાલતાલ બંને બેઝ કેમ્પથી શરૂ થઈ હતી. "બમ બમ ભોલે" ના નારા લગાવતા યાત્રાળુઓએ પવિત્ર ગુફા મંદિરની યાત્રા શરૂ કરી હતી.

જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે યાત્રાળુઓને અગાઉથી નોંધણી કરાવી તેમની નિર્ધારિત યાત્રા તારીખોનું પાલન કર્યા બાદ જ યાત્રા શરૂ કરવા વિનંતી કરી છે. તેમાં જણાવાયું છે કે સર્વોચ્ચ અદાલતના નિર્દેશો અનુસાર યાત્રાળુઓની દૈનિક સંખ્યા પર મર્યાદા નક્કી કરવામાં આવી છે. વહીવટીતંત્રે ખાતરી આપી છે કે

દરેક નોંધાયેલા યાત્રાળુને નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર યાત્રા કરવાની તક મળશે. યાત્રાળુઓને શિસ્ત જાળવવા, સહકાર આપવા અને યાત્રાના સલામત અને વ્યવસ્થિત સંચાલન માટે તમામ માર્ગદર્શિકાનું પાલન કરવા વિનંતી કરવામાં આવી છે. બંને રૂટ પર બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ, સીઆરપીએફ અને અન્ય સુરક્ષા દળોના જવાનો યાત્રાની સલામતી અને સુગમ સંચાલન સુનિશ્ચિત કરશે. 57 દિવસની આ યાત્રા 28 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## IMD-WEATHER

હવામાન વિભાગે ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ મધ્યપ્રદેશ અને ઓડિશામાં આજે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

આગામી બે દિવસ પૂર્વ રાજસ્થાન, પૂર્વ મધ્યપ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક, તેલંગાણા અને વિદર્ભમાં ભારે વરસાદની સંભાવના છે.

આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ગંગા પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મરાઠવાડા, પશ્ચિમ રાજસ્થાન અને દેશના દક્ષિણ ભાગોમાં આજે ભારે વરસાદની સંભાવના છે. દિલ્હીમાં આજે વાદળછાયું વાતાવરણ અને હળવો વરસાદ થવાની સંભાવના છે.

# GUJ ATS-ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી ATS એ પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા આઠ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તેમની ગુજરાત અને મધ્યપ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત ATS એ જણાવ્યું હતું કે, આરોપીઓ પાકિસ્તાની હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા અને ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદ નેટવર્ક સ્થાપિત કરવા અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહ્યા હતા. તેઓ જૈશ-એ-મોહમ્મદની વિચારધારાને ગુજરાતીમાં ભાષાંતર અને પ્રચાર પણ કરી રહ્યા હતા.

તપાસમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન તરફથી ભંડોળ મળતું હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપીઓને 14 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

# MEN'S CRICKET-T20

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આજે માન્ચેસ્ટરમાં બીજી T20 ક્રિકેટ મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે. પાંચ મેચોની શ્રેણીની પહેલી મેચ ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

શ્રેણીની ત્રીજી મેચ 7 જુલાઈએ નોટિંગહામમાં રમાશે, અને છેલ્લી બે મેચ બ્રિસ્ટોલ અને સાઉધમ્પ્ટનમાં રમાશે. ત્યારબાદ ભારત ઇંગ્લેન્ડ સામે ત્રણ મેચની ODI શ્રેણી પણ રમશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજે મોટાભાગના અખબારોમાં રાજ્યમાં વરસાદ, સરકારના વીજપોલ વળતરમાં વધારો તેમજ આઠ આતંકવાદીઓ ઝડપાયાના સમાચારો પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- સંદેશે લખ્યું –માંગરોળમાં મેઘાની તોફાની બેટિંગ, 25 ઇંચ વરસાદ
- દિવ્ય ભાસ્કર લખે છે – ખેતરમાં વીજ ટાવર પર હવે 200 ટકા, વીજ લાઇન પર 25 ટકા વળતર મળશે. તેમજ રાજ્યમાં રથયાત્રા પહેલા જૈશના આઠ આતંકી ઝડપાયાના સમાચારને તસવીર સાથે છાપ્યા છે.
- ગુજરાત સમાચારે લખ્યું – ધરતી પુત્રો સામે સરકાર નતમસ્તક વિજપોળમાં વળતરમાં બમણો વધારો નવગુજરાત સમયે માંગરોળમાં આભ ફાટ્યું : 36 કલાકમાં 35 ઇંચ વરસાદના સમાચાર છાપ્યા છે. સ્થાનિક સમાચારોમાં **PM** મોદીની આજે સાણંદ મુલાકાત તેમજ **CA** પરિણામ જાહેર થયાના સમાચારો વાંચવા મળી રહ્યા છે.